## સંક્ષિપ્ત સમાચાર

### સુખસર-ફતેપુરા પંથકમાં વિશ્વ ક્ષય દિવસની ઉજવણી, વ્યસનમુક્તિનો સંદેશ આપ્યો



સુખસર : સુખસર તાલુકાના સાઈ નર્સિંગ કોલેજ પાડલીયા તથા ભીતોડી ગામમાં તેમજ ફતેપુરા તાલુકાના માધવા પ્રાથમિક શાળામાં વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને ક્ષય (ટી.બી) રોગ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. વિશ્વ ક્ષય દિવસ દર વર્ષે 24 માર્ચે ઉજવવામાં આવે છે.આ દિવસ રોબર્ટ કોંચ દ્વારા ક્ષય રોગના બેક્ટેરિયાની શોધના સ્મરણાર્થે ઉજવાય છે. કાર્યક્રમમાં ક્ષય રોગના કારણો, લક્ષણો અને તેના નિવારણ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. વિશેષરૂપે બીડી,સિગારેટ અને તમાકુના સેવનને ક્ષય રોગ માટેનું મુખ્ય કારણ ગણાવીને લોકોને આ વ્યસનોથી દૂર રહેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.વિશ્વસ્તરે ક્ષય રોગ ગંભીર સમસ્યા બની રહ્યો છે.જેમાં લાખો લોકો પ્રભાવિત થઈ રહ્યા છે. શંકરભાઈ કટારાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે,આજના સમયમાં બાળકો અને મહિલાઓમાં પણ વ્યસનનું પ્રમાણ વધતું જઈ રહ્યું છે.જે ચિંતાજનક બાબત છે.

### શહેરા નગર પાલિકા હોલ ખાતે 'નારી શક્તિ માટે મહાસંમેલન'નું આયોજન



ગોધરા : નારી શક્તિના સન્માન અને મહિલા સશક્તિકરણના ઉમદા હેતુ સાથે આજરોજ શહેરા નગર પાલિકા હોલ ખાતે "નારી સંમેલન" કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો અને બહોળી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત સવારે મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ કિશોરીઓ દ્વારા સુંદર પ્રાર્થના અને મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાળ વિકાસ યોજના અધિકારીશ્રી દ્વારા પ્રાસંગિક ઉદબોધન આપી કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવી હતી. આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને કાયદાકીય અને સામાજિક રીતે જાગૃત કરવાનો હતો, જે અંતર્ગત કલ્પનાબેન દ્વારા મહિલાઓને તેમના કાયદાકીય અધિકારો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. યોગિનીબેન (પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર) દ્વારા મહિલા સુરક્ષા અને સશક્તિકરણ અંગે પ્રેક્ટિકલ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### RSS 100માં વર્ષના ઉજવણી સ્વરૂપે ગોધરા નગરમાં RSS દ્વારા ભવ્ય પથ સંચલન નીકળ્યું



ગોધરા : ગોધરાના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના 100માં વર્ષ ની ઉજવણી અનુસંધાને ભવ્ય પથ સંચલન કાઢવામાં આવ્યું હતું. વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ ના ભગીરથ કાર્યમાં લાખો સ્વયંસેવકો અને જાહેર સમાજ જીવન સાથે સેવા કાર્યો અને રાષ્ટ્ર કાર્યમાં યોગદાન આપી રહ્યા છે. આ સંદર્ભે ગોધરાના ચાંદની ચોક ખાતેથી પથ સંચાલન નું આયોજન કરવામાં આવ્યું હતું ગોધરા નગરમાં પ્રભા રોડથી લઈ પુષ્ટિમાર્ગ સર્કલ થી ચાંચર ચોક થી બસસ્ટેન્ડ રોડ , અંકલેશ્વર મહાદેવ થઈ પરત ચાંદની ચોક ખાતે આપત સંચાલન કરવામાં આવ્યું હતું પંચમહાલ જિલ્લાના માનનીય. સંઘચાલક જી રાજુભાઈ જોશી તથા ગોધરા નગરના માનનીય .સંચાલક ભરતભાઈ સોલંકી દ્વારા ડોક્ટર હેડગેવાર ના ફોટા તથા પરમ પૂજ્ય ભગવા ધ્વજનું પૂજન કરી આ પથ સંચલન કાઢવામાં આવ્યું હતું.

### સિંગવડમાં ફાળવવામાં આવેલી નવી એસટી બસોની જગ્યાએ મિની બસોની માંગ



સિંગવડ : સિંગવડ તાલુકા ખાતે દાહોદ થી લીંબડી થઈ સિંગવડ આવતી બસો જે ચાલુ કરવામાં આવી છે તે એસટી બસો મોટી આપવામા આવે છે તેની જગ્યાએ નાની મીની બસ આપવામાં આવે તો તે બસ સાંકડા રસ્તામાંથી પસાર થઈ શકે તેમ છે અને બજારમાં વળાવી શકાય તેમ છે જ્યારે આ મોટી એસટી બસો આપવાથી તે બસને નીકળવામાં પણ તકલીફ પડે છે અને વળાવામાં પણ તકલીફ પડે છે જ્યારે ગામડાઓના હિસાબે નાની મીની બસો આપવામાં આવે તો તે બસો માં પેસેન્જર પણ બેસી શકે અને તે બસ આરામથી સાંકડા રસ્તામાં નીકળી શકે અને વળી શકે તેમ છે જ્યારે એસટી બસના અધિકારીઓને જણાવવા છતાં તે અવારનવાર આ મોટી એસટી બસો આપે છે તેના લીધે ડ્રાઈવરોને વળાવવામાં તકલીફ પડતી હોય છે જો સિંગવડ તાલુકા ખાતે જે પણ બસો આવે તે મીની બસ આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે

રોડની સાઈડમાંથી જેસીબી મશીન અને ટ્રેક્ટરો દ્વારા ખનન કરી રોડને નુકસાન

# વેજલપુર ગ્રામ પંચાયતે દબાણની આડમાં માટીનો વેપલો કર્યાનો આક્ષેપ

ગૌચર જમીન મુદ્દે હવે તંત્રના જવાબોમાં સ્પષ્ટ વિસંગતતા સામે આવી રહી છે



(પ્રતિનિધિ) કાલોલ, તા.25

વેજલપુર ગ્રામ પંચાયત એ મેહલોલ ચોકડી પાસે આવેલ સર્વે નંબર ૯૬૬ ગૌચર જમીન માં કલેકટર ની મંજૂરી મેળવ્યા વગર કેબીનો અને નાના લારી ગલ્લા ના વેપારી ઓને દબાણ અંગે નોટિસો ફટકારી હતી જેને લઈ નાના લારી ગલ્લા અને કેબીન ધારકો દ્વારા સ્વૈચ્છિક લારી ગલ્લા અને કેબીનો હટાવી લીધા હતા જેથી વેજલપુર ગ્રામ પંચાયત ના તલાટી ક્રમ મંત્રી અને વેજલપુર ગ્રામ પંચાયત નો વહીવટ કર્તાઓ દ્વારા દબાણ ની આડમાં રોડ ઓથોરિટી ની મંજૂરી વગર રોડ ની બિલકુલ નજદીક માંથી માટી ખોદકામ કરી માટી નો વેપલો કર્યો રોડ ની સાઈડ માંથી જીસીબી મશીન અને ટ્રેક્ટરો દ્વારા માટી નું ખનન કરતા રોડ ની મિલકત ને ભારે નુકસાન અને વેજલપુર ગ્રામ પંચાયત પાસે તેમજ શોપિંગ સેન્ટરો ના પાકા દબાણો યથાવત વેજલપુર મેહલોલ ચોકડી પાસે આવેલ સર્વે નંબર ૯૬૬ ગૌચર માં દબાણ દૂર કરવાની કાર્યવાહી દરમિયાન તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે.

દબાણ હટાવવાના નામે વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા જી.સી.બી મશીનરી ઉતારી અંધાધૂંધ ખોધકામ કરી દબાણ વાળા સ્થળ પર મોટા મોટા ખાડાઓ પાડી દેવાતા પરિસ્થિતિ વધુ જોખમી બની ગઈ છે. વેજલપુર ગામના સ્થાનિકોમાં ભારે આક્રોશ છે કે દબાણ દૂર કરવાની કાર્યવાહી પારદર્શક અને વ્યવસ્થિત હોવી જોઈએ, પરંતુ અહીં બેદરકારીપૂર્વક કરાયેલા ખોધકામને કારણે માર્ગ સુરક્ષા તેમજ જનહિત પર સીધી અસર પડી રહી છે. દબાણ હટાવવાના બદલે લોકો માટે નવા જોખમો ઊભા કરવામાં આવ્યા હોવાના આક્ષેપો પણ ઉઠી રહ્યા છે.ત્યારે દબાણો દૂર કરવાના ખેલો સામે દબાણ વાળી જગ્યાએથી રોડની હદ વિસ્તારમાં આવેલી જગ્યાએ ખોદકામ કરીને વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા માટીનું વેચાણ કરવામાં આવ્યા હોવાના આક્ષેપો લોકો કરી રહ્યા છે ત્યારે ગૌચર જમીન મુદ્દે હવે તંત્રના જવાબોમાં સ્પષ્ટ વિસંગતતા સામે આવી રહી છે.

આમરણાંત ઉપવાસ આંદોનની ચિમકી

# દાહોદમાં ઢોર અને કુતરા મુદ્દે કોંગ્રેસ દ્વારા આવેદન



(પ્રતિનિધિ) દાહોદ, તા.25

દાહોદમાં પાછલા ૧૬ દિવસ થી કોંગ્રેસ દ્વારા પાલિકા ચોકમાં ધરણા કરાઈ રહ્યા છે દાહોદ શહેરની જુની પાલિકા ચોકમાં પાછલા ૧૬ દિવસથી જિલ્લા અને શહેર કોંગ્રેસ દ્વારા શહેરમાં રખડતા ઢોર કુતરા સહિતના મુદ્દે ધરણા કરવામાં આવી રહ્યા છે અને શહેરની આ સમસ્યા નો ત્વરિત નિકાલ કરવા માંગ કરી રહ્યા છે પરંતુ ૧૬ દિવસ થયા છતાં કોઈ કામગીરી ન થતા જિલ્લા કોંગ્રેસ દ્વારા પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદન આપવામાં આવ્યું છે દાહોદ શહેરમાં રખડતા ઢોર અને કુતરાઓ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેથી શહેરીજનો જીવ બચી શકે આ અગાઉ પણ રજૂઆત કરવામાં આવી હતી પરંતુ એના ઉપર કોઈ કામગીરી કરવામાં આવી નથી જયાં સુધી આ શહેરની સમસ્યાનો અંત ન આવે ત્યાં સુધી અમે પાલિકા ચોકમાં વિરોધ પ્રગટ કરીશું અને જો નિકાલ ન જ આવે તો અમે આમરણાંત ઉપવાસ પણ કરીશુ તેવી ચીમકી કોંગ્રેસ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

112ની ટીમે સમયસૂચકતા વાપરી અમૂલ્ય જીવન બચાવ્યું

# બાળકો સાથે મહિલા ટ્રેન સામે પડતું મૂકે તે પહેલાં જ બચાવી લીધી



(પ્રતિનિધિ) લીમખેડા, તા.25

લીમખેડા રેલવે સ્ટેશન પર જ્યારે એક લાચાર માતા પોતાના બે માસૂમ બાળકો સાથે જીવન ટૂંકાવવા ટ્રેક પર ઉભી હતી, ત્યારે મોત અને જિંદગી વચ્ચે માત્ર ગણતરીની મિનિટોનું અંતર હતું પરંતુ પીપલોદ જનરક્ષક સેવા 112ની ટીમે સમયસૂચકતા વાપરી આ આત્મઘાતી કદમને નિષ્ફળ બનાવી એક હૃદયસ્પર્શી બચાવ કામગીરી કરી છે. લીમખેડા તાલુકાના પટવાણ ગામની 37 વર્ષીય વનિતાબેન ઘરેલુ કંકાસથી કંટાળી માનસિક તાણમાં આવી બે નાના બાળકો સાથે લીમખેડા રેલવે સ્ટેશનના ટ્રેક પર પહોંચી ગયા હતા. ટ્રેક પર ઉભેલી આ મહિલા અને બાળકોને જોઈ રેલવે સ્ટાફના રમેશભાઈ બારિયાના જીવ અધ્ધર થઈ ગયા. તેમણે જરાય વિલંબ કર્યા વગર ઈમર્જન્સી કોલ કર્યો હતો.

કોલ મળતા જ પીપલોદ PCRની ટીમ જાણે કોઈ ફિલ્મી રેસ્ક્યુ ઓપરેશનની જેમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી." ટીમ લીડર હેડ કોન્સ્ટેબલ મનોજ મુનિયા અને સાથીદારો ડ્રાઈવર ભાવસિંગભાઈ અને ઈન્ચાર્જ મનોજભાઈએ અત્યંત કુશળતાથી મહિલાને સમજાવી અને ટ્રેન આવે તે પહેલાં જ ત્રણે જીવને સુરક્ષિત રીતે ટ્રેક પરથી બહાર ખેંચી લેવામાં આવ્યા હતા." "વનિતાબેન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પતિ સાથેના વિવાદને કારણે હું ખૂબ જ ટેન્શનમાં હતી, એટલે આ પગલું ભરવા આવી હતી. મહિલાના ભાણિયા ઉમેશભાઈનો સંપર્ક કરી તેમને સ્થળ પર બોલાવ્યા. પ્રોફેશનલ કાઉન્સેલિંગ બાદ માતા અને બંને બાળકોને સુરક્ષિત રીતે પરિવારને સોંપવામાં આવ્યા હતા.

શહેરા વનવિભાગનો સપાટો : માફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો

# ખાંડા ગામ નજીકથી ગેરકાયદેસર લાકડાની હેરાફેરી કરતા બે ટ્રક ઝડપી

**વનવિભાગે** બે ટ્રકો અને લાકડા મળી રૂ.10 લાખનો મુદ્દામાલ કબજે કર્યો



(પ્રતિનિધિ) ગોધરા, તા.25

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં વન વિભાગ દ્વારા ગેરકાયદેસર રીતે લાકડાની હેરાફેરી કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. શહેરાના પરીક્ષેત્ર વન અધિકારી આર. વી. પટેલની સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ વન વિભાગની ટીમે સઘન ચેકિંગ હાથ ધરીને ખાંડા ગામ નજીકથી પાસ પરવાનગી વગર લાકડા ભરીને જતા બે ટ્રકોને ઝડપી પાડી કુલ રૂપિયા 10 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહીથી લાકડા ચોર માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શહેરા રેન્જના ખાંડીયા રાઉન્ડ સ્ટાફ અને રેન્જ સ્ટાફ દ્વારા ડેમલીથી ટિંબા જતા રોડ પર સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન ખાંડા ગામ પાસેથી પસાર થતા શંકાસ્પદ વાહનોને રોકીને તપાસ કરતા તેમાંથી વગર પાસ પરવાનગીએ લીલા તાજા પંચરાઉ લાકડાની ગેરકાયદેસર હેરાફેરી થતી હોવાનું સામે આવ્યું હતું. વન વિભાગની ટીમે તુરંત જ લાકડા ભરેલા બંને વાહનો જપ્ત કર્યા હતા. જેમાં ટ્રક નંબર GJ 09 V 3108 અને તેમાં રહેલા લાકડા સહિત રૂપિયા 5.10 લાખનો મુદ્દામાલ તથા અન્ય ટ્રક નંબર GJ 18 T 1099 અને લાકડા સહિત રૂપિયા 4 90 લાખનો મુદ્દામાલ મળીને કુલ અંદાજિત રૂપિયા 10 લાખનો મુદ્દામાલ સરકાર કબજે લેવામાં આવ્યો છે. જપ્ત કરાયેલા બંને વાહનો અને લાકડાને આગળની વધુ તપાસ અર્થે હાલ શહેરા રેન્જ કમ્પાઉન્ડ ખાતે સુરક્ષિત મૂકવામાં આવ્યા છે.

# ગરબાડાના ઝરી બુઝર્ગ ગામના તળાવમાં મધ્યપ્રદેશનો આશાસ્પદ યુવાન તળાવમાં ડૂબ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.25

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ઝરી બુઝર્ગ ગામમાં સામે આવેલી સર્જાયેલી એક કરુણાંતિકા માં મધ્યપ્રદેશના પાડળવા ગામનો ૧૭ વર્ષીય આશાસ્પદ યુવાન ગામના ઢાંકિયા ફળિયા પાસે આવેલા તળાવમાં ડૂબી જતાં સમગ્ર જિલ્લા પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. તળાવમાં ડૂબી ગયેલ આશાસ્પદ યુવાનનું નામ પંકજભાઈ પીડિયા ભાઈ માવી છે. ૨૪ કલાક પછી પણ તળાવમાં ડૂબી ગયેલ આશાસ્પદ યુવાનનો મૃતદેહ મળ્યો નથી. જે મૂળ મધ્યપ્રદેશના ઝાબુઆ રાણાપુર તાલુકાના પાડળવા ગામનો વતની પંકજભાઈ ઝરી બુઝર્ગ ગામે રહેતા પોતાના ફોઈના ઘરે લગ્ન પ્રસંગમાં આવ્યો હતો. પરિવારમાં ખુશીનો માહોલ હતો. પરંતુ વિધિની વક્રતા એ ખુશીને માતમમાં ફેરવી દીધી છે.

પ્રાપ્ત વિગત મુજબ લગ્નમાં ધ્યાન પ્રસ્થાન થવાની તૈયારીમાં હતી. તે સમયે પંકજભાઈ ગામના ઢાકિયા ફળિયામાં આવેલ તળાવમાં નાહવા માટે ઉતર્યો હતો. નહાતી વખતે અચાનક તળાવના ઊંડા પાણીમાં પહોંચી જતા તે ડૂબવા લાગ્યો હતો જેથી સ્થાનિક લોકોએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે તળાવના ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો. આ કરુણાંતિકાની જાણ વાયુવેગે પ્રસરી જતા લગ્ન પ્રસંગમાં હાજર મહેમાનો તેમજ સગા સંબંધી ઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતા ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ગરબાડા પોલીસ અને મામલતદારની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને સ્થાનિક ફાયર ઈમર્જન્સી ટીમ દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી હતી પરંતુ સ્થાનિક ફાયર ઈમરજન્સી ટીમને તેમાં સફળતા ન મળતા એનડીઆરએફની ટીમને બોલાવવામાં આવી હતી એન.ડી.આર.એફના જવાનો છેલ્લા ૨૪ કલાકથી તળાવનનો ખૂલે ખૂલો ખૂંદી રહ્યા છે. આધુનિક ટેકનોલોજી અને સાધનોની મદદથી યુવકના મૃતદેહને શોધવા માટેના તમામ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે તેમ છતાં હજુ સુધી મૃતદેહ મળી આવ્યો નથી.

### ઉચવાણીયા ગામમાં ક્રુઝર ગાડી પર હુમલો: એકને ઈજા

દાહોદ : દાહોદ તાલુકાના ઉચવાણીયા ગામે હુમાલ ફળિયામાં રહેતા જોગાભાઈ ગમીરભાઈ ભુરીયા તથા તેમની સાથેના અન્ય માણસો બે દિવસ અગાઉ તારીખ ૨૩-૩-૨૦૨૬ ના રોજ સાંજના સાડા ચારેક વાગ્યાના સમારે ક્રુઝર ગાડીમાં બેસી દાહોદથી ઉચવાણીયા ગામે જવા નીકળ્યા હતા.

તે દરમિયાન રસ્તામાં અમદાવાદ ઈન્દોર હાઈવે પર આવેલ દાહોદ તાલુકાના ભીટોડી ગામે રોડ પર મોટર સાયકલ લઈને આવેલા ભીટોડી ગામના ડામોર પરિવારના રાજેન્દ્રભાઈ દિલીપભાઈ, અજય ભાઈ દિલીપભાઈ તેમજ રણજીતભાઈ દિલીપભાઈ એમ ત્રણેય ભુરીયાની ક્રુઝર ગાડી રોડ પર ઉભી રખાવી, બેફામ ગાળો બોલી, તમારી છોકરીને કેમ મોકલતા નથી? તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ રાજેન્દ્રભાઈ દિલીપભાઈ ડામોરે જોગાભાઈ ગમિરભાઈ ભુરીયાને માથામાં છૂટો પથ્થર મારી માથું લોહી લુહાણ કરી ઈજા પહોંચાડી હતી.

એલસીબીની ટીમને બાતમી મળી હતી

# ગોધરામાં પશુ અત્યાચારના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો




(પ્રતિનિધિ) ગોધરા, તા.25

પંચમહાલ જિલ્લાની ગોધરા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકના પશુ અત્યાચારના ગુનામાં નાસતા ફરતા એક વોન્ટેડ આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગોધરા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રાણી સંરક્ષણ અધિનિયમ અને પશુ ક્રૂરતા અધિનિયમની વિવિધ કલમો હેઠળ નોંધાયેલા ગુનામાં ગોધરાના કેપ્સુલ પ્લોટમાં રહેતો આરોપી ફુરકાન ફારૂક પટેલ વોન્ટેડ હતો અને તે પોલીસ પકડથી બચવા નાસતો ફરતો હતો. આ દરમિયાન એલસીબી ગોધરાના પોલીસ કોન્સ્ટેબલ નરેશકુમાર કાન્તીલાલને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, આ આરોપી હાલમાં ગોધરાના સીમલા રોડ પર આવેલી પોતાની દુકાને હાજર છે.આ પાક્કી બાતમીના આધારે એલસીબી સ્ટાફની ટીમે ગોધરા સીમલા રોડ પર બાતમીવાળી જગ્યાએ ખાનગી વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન બાતમી મુજબનો આરોપી ત્યાંથી મળી આવતા પોલીસે તેને કોર્ડન કરીને ઝડપી પાડ્યો હતો.

# મોરવા હડફના સાલીયા સંતરોડ ખાતે હાઈકોર્ટના આદેશથી ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફર્યું



(પ્રતિનિધિ) ગોધરા, તા.25

મોરવા હડફ તાલુકાના સાલીયા સંતરોડ ખાતે તંત્ર દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરીને ગેરકાયદેસર દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. ગુજરાત હાઈકોર્ટના કડક આદેશ બાદ સંતરોડ બજારમાં આવેલી વાસણના વેપારી મદનલાલ મોતારામજીની ગેરકાયદેસર દુકાન સહિતનાં દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલી સેકન્ડ અપીલ અંતર્ગત તારીખ ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કોર્ટે ઓરલ ઓર્ડર પસાર કર્યો હતો. ત્યારબાદ ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ હાઈકોર્ટના સરકારી વકીલ દ્વારા પત્ર લખીને સાલીયા સંતરોડ ગ્રામ પંચાયતને તાત્કાલિક ધોરણે આ દબાણ હટાવવા માટે હુકમ કરવામાં આવ્યો હતો.


આ આદેશના પગલે તંત્ર દ્વારા એકશન પ્લાન તૈયાર કરી કાર્યવાહી કરવામાં આવી હતી. હાઈકોર્ટના આદેશના ચુસ્ત પાલન માટે મોરવા હડફ તાલુકાના મામલતદાર હાર્દિકભાઈ જોશી, તાલુકા વિકાસ અધિકારી તેજસભાઈ પટેલ, ગામના સરપંચ અશ્વિનભાઈ આર. ડામોર અને તલાટી કમ મંત્રી ગુલાબભાઈ સહિતના અધિકારીઓ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણ હટાવવાની કામગીરી પાર પાડવામાં આવી હતી.

### પશ્ચિમ રેલવે દ્વારા સાપ્તાહિક ચાર ટ્રેનોની મુદ્દત વધી

દાહોદ : દાહોદ શહેરમાં રેલવેની કનેક્ટિવિટી સારી છે સાથે અહીંયા રેલવેનું મસ મોટું કારખાનું છે, તો સાથે આવનારા દિવસોમાં નવી રેલ લાઈનો ના નવા જોડાણ પણ થનાર છે ત્યારે પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ રીતે ચલાવાતી સાપ્તાહિક આઠ જેટલી ટ્રેનની મુદત વધારવામાં આવી છે આ ટ્રેનો ની મુદત વધતા તેનો લાભ મુસાફરોને થશે તે ચોક્કસ વાત છે પશ્ચિમ રેલવે દ્વારા જણાવાર્યા અનુસાર બાંદ્રા ટર્મિનસથી અજમેર પ્રતિ સોમવાર ચાલતી ટ્રેન ની મુદ્દત તારીખ ૨૭ એપ્રિલ સુધી લંબાવવામાં આવી છે અજમેર થી બાંદ્રા ટર્મિનસ ટ્રેન પ્રતિ રવિવાર ચાલે છે તે ૨૬ એપ્રિલ સુધી, બાંદ્રા ટર્મિનસ થી ભગત કી કોઠી પ્રત્યેક રવિવાર ચાલે છે તેની ૧૨ જુલાઈ સુધી મુદ્દત લંબાઈ છે.

ચૈત્રી નવરાત્રી પર્વને ધ્યાને રાખી કાર્યવાહી

# પાવાગઢમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયું



(પ્રતિનિધિ) હાલોલ., તા.25

પંચમહાલના યાત્રાધામ પાવાગઢ ખાતેબુધવાર ના રોજ ચૈત્રી નવરાત્રીના પવિત્ર તહેવાર દરમિયાન યાત્રાધામ પાવાગઢ ખાતે ઉમટી પડતા શ્રદ્ધાળુઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરાની ટીમ દ્વારા વિશેષ ચેકિંગ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જે અન્વયે પાવાગઢ તળેટી અને ડુંગર વિસ્તારમાં આવેલી ખાણી-પીણીની સંસ્થાઓમાં ચેકીંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી પેઢીઓની તપાસ કરી તેલ, પાણી, મીઠું અને માવા જેવા પદાર્થોનું સ્થળ પર જ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન તૈયાર ખોરાક અને મીઠાઈના કુલ ૨૦ નમૂના લેવામાં આવ્યા છે. આ તમામ નમૂનાઓને પૃથ્થકરણ (Analysis) માટે સરકારી પ્રયોગશાળામાં મોકલી આપવામાં આવ્યા છે.